
# અમેરીકા મોકલવાનુ કહીને વાધપુરના ઈસમ પાસે રૂપિયા ૨૦ લાખ પડાવ્યા

**પ્રાંતિજના વાધપુરના ઇસમને અમેરીકા મોકલવાનુ કહીને વિશ્વાસઘાત-છેતરપીંડી કરતા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ : પત્ની દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બે ઇસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી : અમેરીકા લઈ જવા માટે ૭૦ લાખ નક્કી થયા હતા જેમા ૨૦ લાખ એડવાન્સ આપ્યા હતા : એક આરોપી એજન્ટની ધરપકડ કરી**



### અમેરિકા જવા મોકલેલ માણસોની યાદી (બે મહિલા સહિત સાત પુરૂષ)

અંકિત કુમાર કાન્તીભાઈ પટેલ- ઉ.વર્ષ-૩૩ રહે.નારદીપુર કલોલ ગાંધીનગર, કિરણ કુમાર તુલસીભાઈ પટેલ (બંસીભાઈ પટેલ ઉ.વર્ષ-૪૧, રહે. આબલીયાસણ, જિ મહેસાણા હાલ અમદાવાદ, અવનીબેન જીતેન્દ્રકુમાર પટેલ ઉ.વર્ષ-૩૧ રહે.સરઢવ તા.જી. ગાંધીનગર, સુધીરકુમાર હસમુખભાઈ પટેલ ઉ.વર્ષ. ૨૯ રહે હેડુવા તા.જી.મહેસાણા, પ્રતિકભાઈ હેમતભાઈ પટેલ ઉ.વર્ષ-૨૮ રહે ઉત્તર સંડા નડિયાદ-ખેડા, નિખિલ કુમાર પ્રહલાદભાઈ પટેલ ઉ.વર્ષ-૨૪ રહે સીપોર તા.વડનગર જી.મહેસાણા, ચંપાબેન ફતેસિંહ વસાવા તુલસીભાઈ પટેલ ઉ.વર્ષ-૪૨ આબલીયાસણ જીતેન્દ્ર.મહેસાણા હાલ અમદાવાદ, ધુવરાજસિંહ બળવંતસિંહ વાઘેલા ઉ.વર્ષ-૨૦ નારદીપુર તા.જી.ગાંધીનગર, ભરતભાઈ બાબરભાઈ રબારી (દેસાઇ) ઉ.વર્ષ-૩૭ રહે વાધપુર તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા

### સાબરકાંઠા પોલીસે શરુ કરી તપાસ

એસપી વિશાલકુમાર વાઘેલાએ મામલાની ગંભીરતાને લઈ તપાસ તેજ કરી છે અને સૌથી પહેલા યુવકો ક્યા સ્થળે ફસાયેલા છે એ અંગેની તપાસ શરુ કરી છે આ માટે વિવિધ એજન્સીઓનો અને કચેરીઓનુ સંકલન કરીને લોકેશન મેળવવા માટે પ્રયાસ શરુ કરવામાં આવ્યો છે આ અંગેની પ્રાથમિક વિગતો મીડિયાને સાબરકાંઠા પોલીસે આપી હતી

### ફરિયાદ ચેતનાબેન દેસાઈ

પાંચ મહિના બાદ પોલીસને ભરત દેસાઈની પત્નિ ચેતનાબેન દેસાઈએ ફરિયાદ નોંધાવતા તપાસ શરુ કરી છે પ્રાંતિજ પોલીસે આરોપી દિવ્યેશ મનોજભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે યુવક ભરત દેસાઈ ૯ લોકોના સમુહમાં અમેરિકા જવા માટે નિકળ્યો હતો જેની સાથે એજન્ટે ૮ લોકોનો ભેટો કરાવ્યો હતો જેમાં ૨ મહિલાઓ સામેલ હતી આ તમામ લોકોનો તેમના પરિવાર સાથે સંપર્ક થઈ શકતો નહીં હોવાનુ વાતચિતમાં ચેતનાબેન દેસાઈએ જણાવ્યુ હતુ સમૂહમાં સાથે નિકળેલા અન્ય લોકો નારદીપુર, ઉત્તરસંડા અને મહેસાણા વિસ્તારના હોવાનુ ફરીયાદીએ વાતચિત દરમિયાન બતાવ્યુ હતુ

### પ્રાંતિજ પોલિસે એક આરોપી એજન્ટની ધરપકડ કરી

આરોપી દિવ્યેશ પટેલે પ્રાથમિક પુછપરછમાં પોલીસને બતાવ્યુ હતુ કે, ડોમિનિકા થી દરીયાઈ માર્ગે જવા નિકળેલ એ દરમિયાન તે ઝડપાઈ જવા પામ્યા છે સેન્ટ લુસીયા ટાપુ પર હોવાનુ પોલીસને પ્રાથમિક પુછપરછમાં બતાવ્યુ હતુ પોલીસે હવે બીજા આરોપીને ઝડપી લેવા માટે કાર્યવાહી શરુ કરી છે

પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વાધપુર ના ઈસમને અમેરિકા મોકલવાનો ભરોસો આપી ૨૦ લાખ એડવાન્સ મા લઈ અમેરીકા નહી મોકલી આપતા પત્ની દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ ના વાધપુર ખાતે રહેતા ભરતભાઈ બાબરભાઈ રબારીને મહેસાણા ખાતે રહેતા દિવ્યશ કુમાર ઉર્ફે મનોજ કુમાર પટેલ તથા અમદાવાદ ખાતે રહેતા મહેન્દ્રભાઈ ઉર્ફે એમડી બળદેવભાઈ પટેલ દ્વારા ભરતભાઈ ને વર્ક પરમીટ વિઝા ઉપર અમેરિકા લઈ જવા માટે વિશ્વાસ મા લઈને ૭૦ લાખ માં નકકી કરેલ અને ૨૦ લાખ એડવાન્સ લઇ અને ૫૦ લાખ અમેરિકા પોહચી ને કમાઈ કમાઈ આપવાનુ નકકી થયુ હતુ અને પહેલા એડવાન્સ ૨૦ લાખ લઈને ચેતનાબેન ના પતિ ભરતભાઈ ને મુંબઈ, એમ્સટ ર્ડમ (નેધરલેન્ડ ),પોર્ટ ઓફ સ્પેન પછી ડોમિનિકા સુધી લઈ જઈ અમેરિકા નહી મોકલી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા ભરતભાઈ ના પત્ની ચેતનાબેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા દિવ્યેશ કુમાર ઉર્ફે જોની મનોજ કુમાર પટેલ રહે બી/૨૦૧ બાલા હાઈટ ફલેટ સ્વામિનારાયણ મંદિર પાછળ નાગલપુર મહેસાણા ગામ મહેસાણા, તામહેસાણા, જિમહેસાણા મુળ રહેઉમિયા નગર સોસાયટી મગુના તાજીમહેસાણા તથા મહેન્દ્રભાઈ ઉર્ફે એમડી બળદેવભાઈ પટેલ હાલ રહેબી/૫ ૩૦૧ આર્યવીલા એપાર્ટમેન્ટ ન્યુ રાણીપ અમદાવાદ, ગામઅમદાવાદ તાઅમદાવાદ ગ્રામ્ય, જિઅમદાવાદ ગ્રામ્ય મુળ રહેડીગુચા તા કલોલ જિગાંધીનગર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે બન્ને વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ પ્રાંતિજ પીઆઈ પીપીવાઘેલ દ્વારા હાથધરી હતી જેમા પ્રાંતિજ પોલીસે એજન્ટ દિવ્યેશ પટેલ ને ઝડપી પાડયો હતો અને તેને પ્રાથમિક પુછપરછ મા પોલીસ ને બતાવ્યુ હતુ કે ડોમિનિકા થી દરીયાઈ માર્ગે જવા નિકળેલ એ દરમિયાન તે ઝડપાઈ જવા પામ્યા છે સેન્ટ લુસીયા ટાપુ પર હોવાનુ પોલીસ ને પ્રાથમિક પુછપરછ માં બતાવ્યુ હતુ તો પોલીસ દ્વારા બીજા આરોપી ની શોધશોળ હાથધરી હતી

# ડીસાના રેલવે સ્ટેશન ચાર રસ્તા ઉપર ખાનગી વાહનોનો ખડકલો

**નઘરોળ તંત્ર : અવારનવાર ટ્રાફિકજામ છતાં તંત્રના આંખ આડા કાન**



ડીસા, તા.૧૩

ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા ચાર રસ્તા પર ખાનગી વાહનોનો અડીંગો રોજીંદો જોવા મળેછે. આ બાબતે મીડિયામાં વારંવાર અહેવાલ પ્રસિદ્ધ થવા છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી. ઉલ્લેખનીય છે કે રેલ્વે સ્ટેશન જવાના માર્ગ પરના ચાર રસ્તા પર ખાનગી વાહનો અને ઈકો ગાડીઓના ખડકલા જોવા મળી રહ્યા છે ત્યારે આ મામલે જિલ્લા ટ્રાફિક પોલીસ તંત્ર અને સ્થાનિક પોલીસ તંત્રનું ધ્યાન દોરવા છતાં 'શેઠની શીખામણ ઝાંપા સુધી' એ ન્યાયે માત્ર નામ પૂરતી સીમિત કાર્યવાહી કરી ગોદડી ગોટે વળાતી હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. ટ્રાફિકજામના કારણે આ માર્ગ પર અવાર નવાર નાના મોટા અકસ્માત થતા રહે છે પરંતુ કાયદાના રક્ષકો આવા અડીંગો જમાવી બેઠેલા ખાનગી વાહન ચાલકો સામે ભેદી મૌન જાળવી રાખતા તેમની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. વધુમાં ટ્રાફિક નિયમન તંત્ર દ્વારા કેમ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી ? તે અંગે પણ લોકોમાં અવનવા તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

# ડીસામાં જાહેરમાં બાખડનાર બે જૂથના ૩૦ આરોપીઓ પકડાયા

**સગપણ છૂટું કરવા મામલે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી**

ડીસા, તા.૧૩

ડીસાના ઈન્દીરા નગર-ધૂળીયાકોટ વિસ્તારમાં ૧૫ દિવસ અગાઉ જૂથ અથડામણની ઘટના બની હતી. જેમાં એક જ સલાટ સમાજના લોકો વચ્ચે સામસામે મારા મારી થઈ હતી.

સગપણ છુટુ કરવા બાબતે તકરાર થતા જ બે જૂથ ઉશ્કેરાઈ સામસામે આવી જઈ જાહેર માર્ગ પર ધોકા અને પથ્થરો વડે મારામારી કરી હતી. પથ્થરો અને ધોકા વડે સામસામે મારામારી કરતા હોવાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતા ડીસા શહેર ઉત્તર પોલીસે આ મામલે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

ડીસા શહેર ઉત્તર પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ અગાઉ હુમલો કરનારા ૯ લોકોની અટકાયત કરી છે અને અન્ય આરોપીઓની શોધખોળ ચાલી રહી છે. જે બાદ પોલીસે વધુ ૨૧ આરોપીઓની અટકાયત કરી કુલ ૩૦ શખસોને જેલમાં ધકેલ્યા છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં અંદાજીત ૭૦ થી ૮૦ લોકોનું ટોળું સામસામે મારામારી કરતુ દેખાય છે. જેમાં નાના બાળકોથી લઈ મોટા લોકો પથ્થર મારો કરી રહ્યા છે. જેથી જાહેરમાં સામસામે પથ્થરો વડે મારામારી કરી આતંક મચાવનાર લોકો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

# રોડ બનાવવા લોકો ભગવાનનું શરણ લીધું, મેઘરજ સારંગપુર થી કાલીયાકુવા રોડ ખાડામાર્ગમાં ફેરવતા રોડ પર લોકોની રામધૂન



અરવલ્લી, તા.૧૩

અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદ ખાબક્યા બાદ જીલ્લાના હાઈવે અને અંતરિયાળ માર્ગો પર મસમોટા ખાડા પડી જતા રોડ પરથી પસાર વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે રોડ પર પડેલા ખાડાઓના પગલે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે મેઘરજ તાલુકાના સારંગપુર થી કાલીયાકુવા રોડ પર મોટા મોટા ખાડા પડી જવાની સાથે સ્થાનિક લોકોએ રોડ પર બેસીને રામધૂન બોલાવી તંત્રને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો

મેઘરજ તાલુકાના રાજસ્થાન રાજ્યને અડીને આવેલ સારંગપુર થી કાલીયાકુવા સુધીનો ૫ કિલોમીટર રોડ ખખડધજ બનતા રોડ પરથી પસાર થતા વાહન ચાલકો જીવના જોખમે પસાર થઈ રહ્યા છે રોડ પર મસમોટા ખાડાઓ પડતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે દર ચોમાસાં રોડ ખાડામાર્ગ માં પરિવર્તિત થતો રહે છે ત્યારે ચાલુ વર્ષે પણ ખાડાઓ પડી જતાં વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. છેલ્લા એક સપ્તાહમાં ખાડામાં પડવાથી કેટલાય વાહનોને નુકસાન પહોંચ્યો છે સદભાગ્યે મોટી દુર્ઘટનાઓ ટળી છે પણ કોઇ જવાબદારી લેવા તૈયાર નથી થતું અને રોડ બનાવવાની કે સમારકામ કરવાની જવાબદારી પણ તંત્ર નિભાવતું ન હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે સ્થાનિક ગ્રામજનો રોડ પર બેસી રામધૂન બોલાવી હતી અને ઝડપથી સમારકામ કરી રોડનું નવીનીકરણ કરવામાં આવેની માંગ કરી હતી જો તંત્ર દ્વારા રોડનું કામકાજ ઝડપથી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી

# જ્ઞાન સહાયક ભરતી રદ કરી કાયમી સરકારી ભરતીની માંગ સાથે પ્રવાસી શિક્ષકની ભરતીમાં ટાટ પાસ ઉમેદવારને અગ્રીમતા આપો

**એકજ વાત.. પ્રવાસી શિક્ષક તરીકે કાર્યરત રાખો કાતો જ્ઞાન સહાયક ભરતી રદ કરો અને કાયમી શિક્ષકો ની ભરતી કરો : જિલ્લામાં પ્રવાસી શિક્ષકો અને ટાટ પાસ ઉમેદવારનો અગ્રીમતા આપવા બાબત આવેદન પત્ર**



અરવલ્લી, તા.૧૩

પ્રવાસી શિક્ષકોનો આશરે ૮૦ ટકા શિક્ષકો ટાટ પાસ છે છતાં તેમનું શોષણ કરવામાં આવે છે બોર્ડની પરીક્ષા બાદ એપ્રિલ મહિનામાં કાયમી શિક્ષક સહાયકો બોર્ડના પેપર તપાસવા ગયા હતા તો જિલ્લાની ઘણી ખરી શાળામાં સૌથી વધુ ભાર પ્રવાસી શિક્ષકો પર હતો જેમને ધોરણ નવ અને અગિયારની પરીક્ષામાં પણ એક શિક્ષક તરીકેની ફરજ અદા કરી પરીક્ષા પણ સારી રીતે પૂર્ણ કરી હતી કેટલીક શાળામાં પ્રવાસી શિક્ષકોનું મહેનતાણું માર્ચ અને એપ્રિલ નુ આદિન સુધી આપવામાં આવ્યું નથી બીજી બાજુ નવું સત્ર ચાલુ થતા પ્રવાસી શિક્ષકો વિદ્યાર્થીઓના હિત માટે કાર્યરત થયા હતા પ્રવાસી શિક્ષક તરીકે જૂન જુલાઈ મહિનામાં આજ દિન સુધી વગર મહેતાને શિક્ષણકાર્ય ચાલુ રાખ્યું છે તેમ છતાં પ્રવાસી શિક્ષકોની સરકાર દ્વારા એનઓસી આપવામાં આવી નથી.ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં હજુ પણ કેટલીક શાળાઓ છે જો માત્ર આચાર્ય અને પ્રવાસી શિક્ષક થીજ શાળાઓ કાર્યરત છે ત્યારે આવા કિસ્સામાં આજે પણ પ્રવાસી શિક્ષકોએ પોતાના પગારની પરવાહ કર્યા વગર વિદ્યાર્થીઓના હિત માટે આજે પણ તેઓ શિક્ષણકાર્ય આપી રહ્યા છે બીજી તરફ ગુજરાત સરકાર દ્વારા જે નવી શિક્ષણનીતિ અમલમાં કરવામાં આવી આજે સરકાર નવી શિક્ષણનીતિ અનુસાર ભરતી કરવા વિચારણા કરી રહી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે નવી શિક્ષણનીતિ પહેલા જે ટાટ પાસ ઉમેદવારો છે તેમનું શું તેઓની માર્કશીટ આજે એક પસ્તી સમાન ગણાય છે કારણકે એ સમયના એવા કેટલાય ઉમેદવારો છે જેમને ૧૨૦ થી પણ વધુ ગુણ આવ્યા છે ત્યારે આ નવી શિક્ષણ નીતિ ની અંદર શિક્ષક પ્રવાસી શિક્ષક,અને જ્ઞાન સહકાય ની ભરતીમાં જે પહેલા ટાટ પાસ ઉમેદવારો હતા તેમનું પણ સમાવેશ કરવામાં આવે અને કોઈપણ ટાટ પાસ ઉમેદવાર ભરતીથી વંચિત ન રહે તે બાબતે સરકારે યોગ્ય વિચારવું જોઈએ.આગામી સમયમાં સરકાર દ્વારા આ બાબતે યોગ્ય ન્યાય નહીં આપવામાં આવે તો તમામ ટાટ પાસ ઉમેદવાર ગાંધી ચિંધ્યા માર્ગેએ આંદોલન કરશે અને જો એમાં કોઈ પણ ઘટના કે કોઈ દુર્ઘટના સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની તેમજ જે તે જવાબદારી તંત્રની રહેશે ત્યારે આ બાબતે ઝડપથી યોગ્ય ન્યાય આપવામાં આવે તેવી દરેક ટાટ પાસ ઉમેદવારોની અરજ છે રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જુના પ્રવાસી શિક્ષકોને ઓર્ડર આપવાની જાહેરાત કર્યા પછી આજ દિન સુધી અપાયા નથી માત્ર સરકાર દ્વારા લોલીપોપ આપવામાં આવી છે

બીજી તરફ હાલ જે જ્ઞાન સહાયક ભરતી પ્રક્રિયા કોન્ટ્રાક્ટ બેજ પર કરવા માટે સરકારે જે પરિપત્ર બહાર પાડ્યો છે જેમાં હાલ ઉમેદવારોનો સખ્ત વિરુદ્ધ છે ત્યારે હાલ જ્ઞાન સહાયક ની જગ્યાએ કાયમી ભરતી કરવામાં આવે જેમાં નવી શિક્ષણનીતિ પહેલા પાસ થયેલા ટાટ ઉમેદવારો તેમજ નવી શિક્ષણ પછી પાસ થયેલા તમામ ટાટ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવે તે જરૂરી છે અને જ્ઞાન સહાયક ભરતી રદ કરવામાં આવે અને પ્રવાસી શિક્ષક તરીકે એનઓસી આપવામાં આવે.

# પાલનપુરમાં સાયન્સ કોમર્સ કોલેજ વિદ્યાર્થીએ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

પાલનપુર તા.૧૩

બનાસકાંઠા ડીસ્ટ્રીકટ કેળવણી મંડળ સંચાલિત આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર ના બી.એસસી. સેમ- ૫ વનસ્પતિ શાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતા વિવેક યોગેશકુમાર પ્રણામીએ તા. ૭ થી ૯ જુલાઈ ૨૦૨૩ દરમ્યાન યુગ પુરૂષ સ્વામી વિવેકાનંદ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ આણંદ ખાતે યોજાયેલ ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૩ માં અંડર -૨૧ વ્યક્તિગત બ્રાઉન બ્લેક બેલ્ટ ૫૫ ાક્ષ કેટેગરી માં ગોલ્ડમેડલ મેળવ્યો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ ઈવેન્ટ માં સમગ્ર ગુજરાત માંથી જુદી જુદી કેટગરી માં ૧૪૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૮-૨૦ કેટેગરી માં વિવેક યોગેશકુમાર પ્રણામીએ ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે તેઓની નેશનલ લેવલ ની સ્પર્ધા માં પણ પસંદગી થયેલ છે. તેઓએ કોચ શ્રી શિહાન જયેશભાઈ પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ તૈયાર થયા છે . તેઓની આ સિદ્ધિ બદલ સંચાલક મંડળ તેમજ કોલેજ ના પ્રિન્સીપાલ ડૉ. યોગેશ ડબગર ,બોટની વિભાગ ના અધ્યાપકો તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.




# પ્રાંતિજના વડવાસા ખાતે વીજ ડીપી ઉપર લેવાઓનુ સામ્રાજ્ય

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના વડવાસા ખાતે આવેલ વીજડીપી ઉપર વેલાઓનુ જાણે સામ્રાજ્ય હોય તેમ વેલાઓને લઈ ને આખીય વિજડીપી અદ્રશ્ય હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે પ્રાંતિજ ના વડવાસા ખાતે આવેલ ચામુંડા નગર ખાતે વીજડીપી પર વેલાઓનુ જાણે સામ્રાજ્ય હોય તેમ વિજડીપી તથા બાજુમા આવે પોલ ઉપર વેલાઓથી ગુથાઇ ગઈ છે ત્યારે વિજકંપની ની બેદરકારી સામે આવી છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા ઝડપી વીજ ડીપી ઉપર થી વેલાઓ દુર કરી વિજ ડીપી ને ખુલ્લી કરવામા આવે તેવુ ચામુંડા નગર ખાતે રહેતા રહેવાસીઓની માંગ ઉઠવા પામી છે.



# સાયન્સ કોમર્સ કોલેજ પાલનપુરના વિદ્યાર્થીનું ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિ બદલ નહેરું યુવા કેન્દ્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું

પાલનપુર, તા.૧૩

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સના એન.એસ.એસ.ના વિદ્યાર્થી જીગ્નેશ ગૌસ્વામીનું તા. ૦૮/૦૭/૨૦૨૩ ના રોજ ડીસાની ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નહેરું યુવા કેન્દ્ર દ્વારા યોજાયેલ એક કાર્યક્રમમાં બહુમાન કરી સર્ટિફિકેટ તથા ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. આ બહુમાન તેમણે અગાઉના વર્ષોમાં કરેલ ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિ જેવી કે વૃક્ષા રોપાણ, બ્લડ ડોનેશન, સ્વચ્છતા અભિયાન, એચ.આઇ.વી. એઇડ્સ જાગૃતિ માટે તથા વિવિધ શિબીરોમાં સક્રિય ભાગ લેવા બદલ કરવામાં આવ્યું છે. જીગ્નેશભાઈનું અગાઉ પણ બનાસકાંઠા કલેક્ટર દ્વારા મતદાન જાગૃતિનું શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ બહુમાન થઈ ચૂકેલ છે. ડીસા ખાતેના કાર્યક્રમમાં નહેરું યુવા કેન્દ્રના વિવિધ અધિકારી ગણ તથા કોલેજનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જીગ્નેશભાઈની વિવિધ સફળતા માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. યોગેશ બી. ડબગર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. આર.ડી. વરસાત તથા ડો. એસ.આઇ.ગટિયાલાનું યોગ્ય માર્ગદર્શન રહેલું છે.

